# સંવેદનાનો સાચો વિકાસ

એક ઉદાહરણ, તમને વિચારવા માટે મજબૂર કરી શકે તે માટે આપવા ચાહું છું. ચોમાસામાં હમણાં જ અમે જોયું કે, દેરાસરની આસપાસ ઘણી બધી લીલ હતી. અમે સવારે દર્શન કરવા જઈએ, ચૈત્યવંદન કરવા જઈએ, ત્યારે લોકો પૂજા કરવા માટે આવતા હોય. હાથમાં ડબી હોય, પૂજા કરવાનાં અરમાન હોય, ભક્તિ હોય, સમર્પણ હોય, બધું જ હોય, પણ લીલ પર બિન્દાસ પગ મૂકે. એ લીલ પર પગ મૂકીને ચાલી જાય. ભલભલા ધાર્મિક જીવો હોય, ને ઘરે ઉકાળેલું પાણી પીતા હોય, કંદમૂળ તો સ્વપ્નમાં પણ વિચારતા ન હોય, નિયમિત ચોવિહાર કરતા હોય, પણ લીલ પર પગ મૂકીને નીકળી જાય. આપણને સમજાય કે, આ જીવને કંદમૂળ ન ખવાય, એ માત્ર નિયમ છે, સંવેદના નથી. નહીં તો બટાકું ખાતાં જેટલી કંપારી થાય, એટલી જ કંપારી લીલ પર પગ મૂકતાં થવી જોઈએ, કેમ કે જો બટાકું ખાવામાં અનંત જીવોની હત્યા છે, તો લીલ પર પગ મૂકવામાં પણ અનંત જીવની હત્યા છે જ. પણ એ જીવને લીલ પર પગ મૂકવાથી કશી સંવેદના નથી જન્મતી. કારણ શું? કારણ એક જ. 'એ જીવ સાથે મારે જોડાવું છે, એ જીવની વેદનાને મારે મારી સંવેદના બનાવવી છે' એવું ધર્મનું લક્ષ્ય આપણે ગણ્યું જ નથી.

આત્મૌપમ્ય – બધી જ જગ્યાએ પોતાના આત્માનું દર્શન, બધી જ જગ્યાએ એક પોતીકાપણું અનુભવવું એ ધર્મ છે, એ કળા છે, જે તમને અંદરથી સંવેદનશીલ બનાવે છે, તમારું પોત બદલી નાખે છે. જો તમે નિયમો પર નિયમો કરતા જાઓ છો, પણ અંદરથી તમારામાં કશું જ પરિવર્તન નથી આવતું, તમારો સ્નેહ નથી વિકસતો, તમારો મૈત્રીભાવ નથી વિકસતો, તમારી અંદર મુલાયમતા નથી આવતી, તો સમજજો કે, ધર્મ કરતાં કરતાં તમે વધારે જડ બની રહ્યા છો.

ઘણી બધી વખત આપણા સમાજમાં એવું જોયું છે કે, થોડાક વધારે નિયમો પાળતા હોય, થોડોક વધારે ધર્મ કરતા હોય, તેમાં કદાચ લોકો વધારે રૂક્ષ બની જતા હોય છે, જડ બની જતા હોય છે. એ લોકો એવું સમજવા માંડે છે કે, હું ધર્મીજન છું અને હું દરેકને કંઈ પણ કહી શકું છું. બધાએ મને માન-પાન આપવું જોઈએ. આમ થાય - આમ ન થાય, એવા નિયમોની સતત એ લોકો વાતો કર્યા કરતા હોય છે. સાચા જૈન ધર્મ સાથે, સાચા જૈનત્વ સાથે એમને કશીય નિસ્બત નથી હોતી. વાસ્તવમાં ધર્મ એ એક એવી કળા છે કે, જે તમને અંદરથી સ્વસ્થ રાખે છે.

ધર્મ એ છે – દરેક જીવના દુઃખને
પોતાના દિલમાં અનુભવવું.

# સુખ અને સંવેદના– પ્રભુની નજરે

યુનો, એના બંધારણની શરૂઆત આ રીતે કરવામાં આવી છે કે, દરેક માણસ સુખ-શાંતિપૂર્વક પોતાનું જીવન જીવવાનો હક ધરાવે છે. સલામતીપૂર્વક જીવન પસાર કરવાનો તેનો અધિકાર છે. યુનો આ મુદ્દાને સ્વીકારીને પોતે આગળ વધવા માગે છે, પણ વાસ્તવમાં આજથી 2550 વર્ષ પહેલાં પ્રભુએ આ સિદ્ધાંતને બહુ આગળ ખેંચી લીધો છે.

શ્રીદશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે, દરેક જીવ તારા જેવો જ છે, માત્ર મનુષ્ય જ નહીં, પણ દરેક જીવ, નિગોદથી શરૂ કરીને સર્વાર્થસિદ્ધ સુધીનો દરેક જીવ. એ તારા જેવો જ જીવ છે. તને જે નથી ગમતું, એ એ જીવને પણ નથી જ ગમતું. તને જેમાં સુખની લાગણી અનુભવાય છે, એમાં એને પણ સુખની લાગણી અનુભવાય છે. તારે જે સુખ પામવું છે, તે એને પણ પામવું છે. તારે જેમ દુઃખથી દૂર ભાગવું છે, તેમ એને પણ દુઃખથી દૂર ભાગવું છે. તફાવત એટલો જ છે કે, તું ચેતનાના એ સ્તરે છે કે, જે સ્તરે તું બીજાને સુખ પણ આપી શકે છે, બીજાને દુઃખ પણ આપી શકે છે. જ્યારે એ જીવો ચેતનાના એ સ્તરે છે કે, એ તને સુખ-દુઃખ આપવા સમર્થ નથી. આપણે

આપણા જીવનમાં એ મહેનત કરવાની છે કે, આપણે બીજાનાં સુખ-દુઃખને સમજી શકીએ.

બાકી, તમે પંખા નીચે બેસી જાઓ અને ઠંડક માણો, તો એમાં ભગવાનને કયો વાંધો હોઈ શકે? મહાવીરસ્વામી તમને દુઃખ આપવા માટે તો આવ્યા નથી. એ પોતે દુઃખવાદી જીવ નથી કે એવું કહ્યા કરે કે, તમે તમારી જાતને કષ્ટ આપ્યા જ કરો. મહાવીરસ્વામીને તમારા સુખથી કોઈ પ્રૉબ્લેમ નથી. એમને માત્ર એ જ પ્રૉબ્લેમ છે કે, તમારું સુખ જે પંખા નીચે બેસવામાં છે, એ પંખો જ્યારે તમે સુખ અનુભવતા હો છો, ત્યારે બીજા અસંખ્ય જીવોને મારી નાખતો હોય છે, પીડા આપતો હોય છે. ભગવાન તમારું સુખ જોઈને રાજી ચોક્કસ થાય, પણ એ વખતે જે બીજા અસંખ્ય જીવો દુઃખ અનુભવે છે, એ ફરતા પંખાથી જે અસંખ્ય વાયુકાયના જીવો મરી રહ્યા છે, એ વાયુકાયના જીવોની ચિચિયારી ભગવાનના કાનમાં પડે છે.

તમને નહીં સંભળાય એ ચિચિયારી, કેમ કે, તમે બહેરા થઈ ગયા છો. હું નથી સાંભળી શકતો આ વસ્તુ, કેમ કે, હું બહેરો થઈ ગયો છું. એ ચિચિયારી આ કાનેથી ના સંભળાય. એ ચિચિયારી સાંભળવા હૈયું જોઈએ, લાગણીથી લથબથ હૈયું જોઈએ. આવું હૈયું પ્રભુ લઈને બેઠા છે. તમારું સુખ એમને જેમ આનંદ આપે છે, એમ પેલા અસંખ્ય જીવોનું દુઃખ એમને પીડા આપે છે, એમને બેચેન બનાવી મૂકે છે.

એ તમને અને મને એટલું જ સમજાવે છે કે, ભાઈ! તું સુખ અનુભવવા જાય, એમાં અસંખ્ય જીવોને દુઃખ મત આપ. અસંખ્ય જીવોના જીવ લઈ લેવાનો તને કોઈ

હક નથી. તારું સુખ કોઈના સુખની આડે ન આવે, એ જોવાની જવાબદારી તારી છે, કેમ કે, તું ચૈતન્યના ઊંચા સ્તરે બેઠેલો છે.

એક પૃથ્વીકાયનો જીવ, એક અપ્કાયનો જીવ ધારો કે એમ ઇચ્છે કે, મારે કોઈને સુખ આપવું છે, તો ન આપી શકે. ધારો કે એમ ઇચ્છે કે, મારે કોઈને દુઃખ આપવું છે, તો તે નહીં આપી શકે. તારી પાસે તાકાત છે. તું ચાહે, તો કોઈને સુખી કરી શકે. તું ચાહે, તો કોઈને દુઃખી કરી શકે. સુખ આપવું કે દુઃખ આપવું, એ નક્કી તારે કરવાનું છે.

ધર્મ માત્ર સકલ જીવ સૃષ્ટિમાં બૅલૅન્સ કરી આપે છે. અનંત ભવોથી આપણે આપણા સુખ માટે બીજા જીવોના સુખનો ભોગ લેતા આવ્યા છીએ. આપણા સુખ માટે, આપણા રાજીપા માટે, આપણે બીજાને યાતના અને પીડા આપતા આવ્યા છીએ. ધર્મ આપણને બીજાના સુખ સામું જોવાનું શીખવાડે છે. એ આપણને એવા સુખ તરફ દોરી જાય છે, એવું સુખ બતાડે છે કે, જે સુખમાં તમારું પણ કલ્યાણ છે, મારું પણ કલ્યાણ છે, બીજાનું પણ કલ્યાણ છે. આવું સુખ શોધી કાઢવું એ આ જગતની સૌથી મોટી કળા છે. અને આ કળાને આપણે ધર્મના નામે ઓળખીએ છીએ. આ કળા આપણે શીખવી છે.

> કોઈના દુઃખના પાયા પર
> આપણા સુખની ઇમારત શોભતી નથી.